# હિસાબ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

NAVSARI AGRICULTURAL UNIVERSITY

Azadi Ka Amrit Mahotsav

**વંચાણમાં:**- (૦૧) GeM Bid Number: GEM/2025/B/5838664, Dated: 18-01-2025.

(૦૨) આ કચેરીના પત્ર ક્રમાંક નંજા.નં. નકૃયુ/હિનિ/વહટ/૧૦૧૦/૨૦૨૫ નવસારી, તા.03/03/૨૦૨૫.

## પરિપત્ર

**નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬, ૨૦૨૬-૨૭ અને ૨૦૨૭-૨૮ માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાસે કરાવવાની થતી કામગીરી માટે પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટી ફિક્ષ કરવા બાબત.**

નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ કચેરીના વડાશ્રીઓ તેમજ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, ઉપરોક્ત વંચાણમાં લીધેલ ક્રમાંક-૦૨ થી નાણાંકીય વર્ષ **૨૦૨૫-૨૬, ૨૦૨૬-૨૭ અને ૨૦૨૭-૨૮** માટે નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તક કુલ સાત જિલ્લાઓમાં આવેલ મુખ્ય/ પેટા કચેરીઓમાં કાર્યરત વિવિધ યોજનાઓના **AUC/UC/SOE** ગ્રાન્ટ, આવક, ખર્ચ તથા બંધ સિલકની રેકર્ડ આધારિત ચકાસણી કરી **Certify** કરાવવા, **₹ 1.00 લાખ** થી ઉપરના બીલોનું **પ્રિ-ઓડિટ** કરવાની કામગીરી, જુદી જુદી પાર્ટીઓના બીલોના ચૂકવણીની રકમ માંથી કપાત કરવામાં આવતા **GST-TDS અને IT-TDS** ના રિટર્ન ફાઇલ કરી **TDS Certificate** ઈશ્યુ કરવાની કામગીરી, યુનિવર્સિટીના અધિકારીઓ/ કર્મચારીઓ **(કાયમી અને કરાર આધારિત તમામ)** અને પેન્શનરોના પગારબીલો/ તફાવત બીલો માંથી કરવામાં આવતી આવકવેરાની માસિક કપાત મુજબ **24Q અને પાર્ટી બીલોના ચૂકવણીની રકમ માંથી કપાત કરવામાં આવતા IT-TDS કપાતના 26Q** ના રિટર્ન ફાઇલ કરી **ફોર્મ નં.-16/16A** ઈશ્યુ કરવાની કામગીરી, યુનિવર્સિટીની **બેલેન્સ શીટ** તૈયાર કરવાની કામગીરી, યુનિવર્સિટી દ્વારા તૈયાર કરવામાં આવેલ **વાર્ષિક હિસાબ Certify** કરાવવા અને **યુનિવર્સિટીની આવકોનું આવકવેરા રિટર્ન** ફાઇલ કરવાની કામગીરી **Bhupendra Dubey & Associates, Navsari** ને વંચાણમાં લીધેલ ક્રમાંક-૦૧ ના બીડ દસ્તાવેજમાં જણાવેલ નિયમો, બોલીઓ અને શરતો મુજબ સોપવામાં આવેલ છે.

જેથી નાણાંકીય વર્ષ **૨૦૨૫-૨૬** થી નાણાંકીય વર્ષ **૨૦૨૭-૨૮** સુધી ઉક્ત જણાવેલ તમામ કામગીરીઓ સંબંધિત ઓનલાઇન રીટર્ન ફાઈલીંગની સઘળી કામગીરી **Bhupendra Dubey & Associates, Navsari** દ્વારા નિયુક્ત કરેલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને તેમના કર્મચારીઓ પાસેથી કરાવવાની રહેશે. દરેક કચેરી દ્વારા કરવામાં આવતા પાર્ટીઓના બીલોના ચૂકવણીની રકમ માંથી કપાત કરવામાં આવતા GST-TDS ની માહિતી સમય મર્યાદામાં **(દર માસની ૧ થી ૩ તારીખ સુધીમાં) ઉક્ત એજન્સી/ પાર્ટીના ઈમેલ ઉપર સોફ્ટકોપી** મોકલી આપવાની રહેશે તેમજ ઉપરોક્ત એજન્સી/ પાર્ટી પાસેથી ચલણ મેળવી બેંકમાં ચલણમાં દર્શાવેલ રકમ **દર માસની ૧૦ તારીખ પહેલા** જમા કરાવવાની રહેશે અને ત્રિમાસિક **24Q** અને **26Q** ની **TDS** ની માહિતી અને બેંકમાં જમા કરાવેલ **TDS** ની રકમના ચલણની નકલ તેમજ અન્ય માહિતીઓ દર્શાવતું પત્રક ક્વાર્ટર પૂરું થયાના **દિવસ-૫** માં **ઉક્ત એજન્સી/ પાર્ટીના ઈમેલ ઉપર સોફ્ટકોપી** મોકલી આપવાની રહેશે. તેમ છતાં સમય મર્યાદામાં સદરહું માહિતીઓ કચેરી તરફથી પૂરી પાડવામાં નહીં આવે અને આ સંબંધિત કોઈ પ્રશ્નો ઉપસ્થિત થશે તેની સઘળી જવાબદારી જેતે કચેરીના નાણાં ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીની રહેશે.

**વધુમાં, ફક્ત માહે માર્ચ-૨૦૨૫ દરમ્યાન દરેક કચેરીઓ ખાતેથી પાર્ટીઓના બીલોના ચૂકવણીની રકમ માંથી કપાત કરવામાં આવેલ GST-TDS ની માહિતી Shah Patel Shukla & Associates, Ahmedabad ને મોકલાવવાનું રહેશે ત્યારબાદ નાણાંકીય વર્ષ ૨૦૨૭-૨૮ સુધી આ માહિતીઓ Bhupendra Dubey & Associates, Navsari ને મોકલાવવાની રહેશે. ઉક્ત તમામ કામગીરીઓ માટેના બીલોના ચુકવણા અત્રેની કચેરીથી કરવામાં આવશે જેથી અન્ય કોઈ કચેરીએ આ બાબતે કોઈપણ પ્રકારનું ચૂકવણું કરવાનું રહેશે નહીં. જેની નોંધ લેવી.**

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.

| | | | |
|---|---|---|---|
| ૧. | એજન્સી/ પાર્ટીનું નામ | : | **Bhupendra Dubey & Associates** |
| ૨. | એજન્સી/ પાર્ટીનું સરનામું અને સંપર્ક માટેની માહિતી | : | 114, First Floor, Backside,<br>Manohar Complex opp. Daboo Hospital,<br>Near Fuwara,Navsari-396 445.<br>**Ph: +91-9879545470**<br>**Email: bdubey34@yahoo.co.in** |

| અ.નં. | કામગીરી માટે નિયુક્તિ કરવામાં આવેલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને કર્મચારીની વિગત | | કામગીરીની વિગત |
|---|---|---|---|
| | નામ અને હોદ્દો | સંપર્ક | |
| ૦૧ | ભૂપેન્દ્ર રામબલી દુબે | - | **AUC/UC/SOE Certify** કરવાની કામગીરી. |
| ૦૨ | ભૂપેન્દ્ર રામબલી દુબે | - | **₹ 1.00** લાખથી ઉપરના બીલોનું પ્રિ-ઑડિટ કરવાની કામગીરી. |
| 03 | જેનીશ ઉમેશભાઈ કહાર | it-tds@nau.in<br>9265494817 | યુનિવર્સિટીની આવકોનું આવકવેરા રિટર્ન ફાઈલ કરવાની કામગીરી. |
| ૦૪ | નેહા એમીલ શાહ | gst-tds@nau.in<br>9265494817 | **GST-TDS** ના રિટર્ન ફાઈલ કરી **TDS Certificate** ઈશ્યુ કરવાની કામગીરી. |
| ૦૫ | નેહા એમીલ શાહ | it-tds@nau.in<br>9265494817 | **IT-TDS** માટે **24Q** અને **26Q** ના રિટર્ન ફાઈલ કરી ફોર્મ નં.-**16/16A** ઈશ્યુ કરવાની કામગીરી. |
| ૦૬ | ૧. જેનીશ ઉમેશભાઈ કહાર<br>૨. હિરેનકુમાર મહેન્દ્રભાઈ રાણા | balancesheet@nau.in<br>9265494817 | યુનિવર્સિટીની બેલેન્સ શીટ તૈયાર કરવાની કામગીરી. |
| ૦૭ | ભૂપેન્દ્ર રામબલી દુબે | - | યુનિવર્સિટી દ્વારા તૈયાર કરવામાં આવેલ વાર્ષિક હિસાબ **Certify** કરાવવાની કામગીરી. |

**જા.નં. નકૃયુ/હિનિ/વહટ/૧૩૬૫/૨૦૨૫**
**નવસારી, તા. ૨૧/૦૩/૨૦૨૫**

**હિસાબ નિયામક**

**નકલ સવિનય રવાના (e-પરિપત્ર દ્વારા):-**

**(૧)** અત્રેની યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.
**(૨)** અત્રેની યુનિવર્સિટીના તમામ કચેરી વડાશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
**(૩)** અત્રેની યુનિવર્સિટીના તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.

**નકલ રવાના (e-પરિપત્ર દ્વારા જાણ તથા અમલ થવા સારૂ):-**

**(૧)** અત્રેની યુનિવર્સિટીના વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી તરફ.
**(૨)** Bhupendra Dubey & Associates, Navsari તરફ જાણ સારું તથા GeM બીડના નિયમો, બોલીઓ અને શરતો મુજબ કામગીરી હાથ ધરવા સારૂ.

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.